# Royal Secondary & Girls School - Dhoraji

**Std :- 10th** **Sub : Science** **Date : 27-01-2025**

**Time :- 3:00 hours** **Round Test 2** **Marks :- 80**

## વિભાગ A

પ્રશ્નક્રમ **1**થી **24**ના સૂચના મુજબ ઉત્તર લખો : **24**

*[પ્રત્યેકનો 1 ગુણ]*

- **નીચે આપેલાં વિધાનો માટે તેમની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

**1.** હળદર બેઇઝ પદાર્થ સાથે કેવો રંગ આપે છે?

A. પીળો B. કથ્થાઈપડતો પીળો

C. લાલાશપડતો કથ્થાઈ D. કાળો

**2.** વિનેગર શેનું દ્રાવણ છે?

A. આલ્કોહોલમાં 50 % – 60 % ઍસિટિક ઍસિડ

B. આલ્કોહોલમાં 5 % – 8 % ઍસિટિક ઍસિડ

C. પાણીમાં 5 % – 8 % ઍસિટિક ઍસિડ

D. પાણીમાં 50 % – 60 % ઍસિટિક ઍસિડ

**3.** પિત્તનો સંગ્રહ કરતું અંગ કયું છે?

A. યકૃત B. સ્વાદુપિંડ

C. નાનું આંતરડું D. પિત્તાશય

**4.** વાહક તારની અવરોધકતા કયા પરિબળ પર આધાર રાખે છે?

A. તારની લંબાઈ B. તારના આડછેદનું ક્ષેત્રફળ

C. તારનું કદ D. તારના દ્રવ્ય

**5.** બહિર્ગોળ લેન્સ વડે કેવું પ્રતિબિંબ મેળવી શકાતું નથી?

A. વાસ્તવિક અને નાનું B. વાસ્તવિક અને મોટું

C. આભાસી અને નાનું D. આભાસી અને મોટું

**6.** મેઘધનુષ્ય બનવા માટે કઈ ઘટના સામેલ છે?

A. વક્રીભવન B. વિભાજન

C. આંતરિક પરાવર્તન D. આપેલ તમામ

- **નીચે આપેલાં વિધાનો સાચાં બને તે રીતે ખાલી જગ્યા પૂરો :**


**7.** ઈથેનૉઇક ઍસિડનું સામાન્ય નામ ......... છે.

*(ફૉર્માલ્ડિહાઇડ, ફૉર્મિક ઍસિડ, ઍસિટિક ઍસિડ)*

**8.** મેન્ડલે સૂચવેલા કારકને આધુનિક જનીનવિદ્યામાં .........થી ઓળખવામાં આવે છે.

*(જનીન, રંગસૂત્ર, જનનકોષ)*

**9.** નીચે આપેલ પરિપથનો સમતુલ્ય અવરોધ ......... થશે. *(2 Ω, 4 Ω, 0 Ω)*




**10.** હૃદયના ડાબા ક્ષેપકમાંથી નીકળતી મુખ્ય ધમનીને ......... કહે છે.

*(મહાધમની, ફુપ્ફુસ ધમની, રુધિરકેશિકા)*

**11.** ચશ્માંની બનાવટમાં વપરાયેલ શુદ્ધિકારક લેન્સનો પાવર – 0.4 D છે, તો તે લેન્સનો ......... પ્રકાર હશે.

*(બહિર્ગોળ, અંતર્ગોળ, બાયફોકલ)*

**12.** X તત્ત્વનો પરમાણુક્રમાંક 13 છે, તો આ X તત્ત્વની સૌથી નજીકનો નિષ્ક્રિય વાયુ ......... છે.

*(આર્ગન, નિયૉન, હિલિયમ)*

- **નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે લખો :**

**13.** ઍક્વા રીજિયા દ્રાવણમાં સોનું કે પ્લૅટિનમ ઓગળતા નથી.

**14.** મેન્ડલે પ્રયોગો માટે પિતૃપેઢીમાં વટાણાના બંને છોડ લક્ષણની અભિવ્યક્તિ માટે શુદ્ધ હતા.

**15.** જુદા જુદા રંગોના પ્રકાશ માટે કાચના પ્રિઝમનો વક્રીભવનાંક જુદો જુદો હોય છે.

**16.** ગ્લુકોઝનું જલીય દ્રાવણ વિદ્યુતનું વહન કરતું નથી.

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો :**

**17.** પિટ્યૂટરી ગ્રંથિ દ્વારા ઉત્પન્ન થતા એક અંતઃસ્રાવનું નામ આપો.

**18.** કયા વર્ગના પ્રાણીઓમાં લિંગનિશ્ચયન ફલિત અંડકોષના તાપમાન પર આધારિત છે?

**19.** આંખના લેન્સની જાડાઈમાં ફેરફાર કરવા માનવઆંખનો કયો ભાગ મદદ કરે છે?

**20.** નીચેનામાંથી બંધબેસતી ના હોય તેવી જોડ શોધીને લખો :

(A) તાંબું – સુવાહક (B) લાકડું – અવાહક

(C) નિક્રોમ – અર્ધવાહક

• **જોડકાં જોડો :**

| | ‘અ’ | ‘બ’ |
|---|---|---|
| **21.** | ઇસ્ટ્રોજન | (a) શરીરની વૃદ્ધિ માટે ચયાપચયનું નિયમન |
| **22.** | થાઇરૉક્સિન | (b) શ્વાસોચ્છ્વાસ અને હૃદયના ધબકારા વધારે |
| | | (c) માસિક ચક્રનું નિયમન |

| | ‘અ’ | ‘બ’ |
|---|---|---|
| **23.** | સ્વયંપોષી | (a) પ્રાણીઆહારી |
| **24.** | વિઘટકો | (b) કાર્બનિક દ્રવ્યોનું અકાર્બનિક દ્રવ્યોમાં રૂપાંતર |
| | | (c) અકાર્બનિક દ્રવ્યોનું સૌર-ઊર્જાની મદદથી કાર્બનિક દ્રવ્યોમાં રૂપાંતર |

## વિભાગ B

પ્રશ્નક્રમ **25**થી **37** પૈકી કોઈ પણ **9** પ્રશ્નોના **40**થી **50** શબ્દોની મર્યાદામાં માગ્યા મુજબ ઉત્તર લખો :
*[પ્રત્યેકના 2 ગુણ]* **18**

**25.** તમે અવક્ષેપન પ્રક્રિયાનો શું અર્થ કરો છો? ઉદાહરણ આપી સમજાવો.


**26.** વૈજ્ઞાનિક કારણ આપો : ઍલ્યુમિનિયમ ધાતુ નાઇટ્રિક ઍસિડ સાથે હાઇડ્રોજન વાયુ ઉત્પન્ન કરતી નથી.

**27.** આપણા શરીરમાં ચરબીનું પાચન કેવી રીતે થાય છે? આ પ્રક્રિયા ક્યાં થાય છે?

**28.** કલિકાસર્જન ટૂંકમાં સમજાવો.

**29.** નીચે આપેલી આકૃતિમાંના A, B, C, D ભાગોનાં નામ આપેલ કૌંસમાંથી શોધીને લખો :

*(દલપત્ર, વજ્રપત્ર, પરાગાસન, અંડાશય)*




**30.** ભયદર્શક સિગ્નલમાં પ્રકાશનો રંગ શા માટે લાલ રાખવામાં આવે છે?

**31.** વિદ્યુતસ્થિતિમાનની વ્યાખ્યા લખી, તેનું સૂત્ર અને SI એકમ જણાવો.

**32.** 12 V વિદ્યુતસ્થિતિમાનનો તફાવત ધરાવતાં બે બિંદુઓ વચ્ચે 2 C વિદ્યુતભારને લઈ જવા માટે કેટલું કાર્ય કરવું પડે?

**33.** નીચેનાં પદો સમજાવો :

(1) ઓવરલોડિંગ (2) અર્થિંગ

**34.** તફાવત આપો : ઉત્પાદક સજીવો અને ઉપભોગી સજીવો

**35.** કચરાના વિઘટનના આધારે પ્રકારો સમજાવો.

**36.** આપેલ આકૃતિમાં x અને yનાં નામ આપો અને જણાવો કે કઈ જૈવિક ક્રિયા સૂચવેલી છે?




**37.** (1) ચુંબકીય ક્ષેત્ર એટલે શું?

(2) ચુંબકીય ક્ષેત્રરેખાઓ એટલે શું?

## વિભાગ C

પ્રશ્નક્રમ **38**થી **46** પૈકી કોઈ પણ **6** પ્રશ્નોના **60**થી **80** શબ્દોની મર્યાદામાં માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકના 3 ગુણ]* **18**

**38.** રેડૉક્ષ પ્રક્રિયા કોને કહે છે? યોગ્ય ઉદાહરણ દ્વારા સમજાવો.

**39.** મિશ્રધાતુ એટલે શું? મિશ્રધાતુઓના ઉપયોગો જણાવો. આપેલ મિશ્રધાતુઓ કઈ ધાતુઓનું મિશ્રણ છે, તે જણાવો : ( 1 ) સ્ટેનલેસ સ્ટીલ ( 2 ) બ્રાસ

**40.** સક્રિયતાના આધારે ધાતુઓનું વર્ગીકરણ સમજાવો.

**41.** પરાવર્તી ક્રિયાનો અર્થ શું છે? ઉદાહરણ આપો.

**42.** ભાજન એટલે શું? ભાજનના વિવિધ પ્રકાર સમજાવો.

**43.** અલિંગી પ્રજનન અને લિંગી પ્રજનન વચ્ચે પાયાના તફાવતોના ત્રણ મુદ્દા કયા છે?

**44.** એક બહિર્ગોળ લેન્સ દ્વારા મળતું સોયનું વાસ્તવિક (સાચું) અને ઊલટું પ્રતિબિંબ લેન્સથી 50 cm દૂર મળે છે. જો પ્રતિબિંબનું પરિમાણ વસ્તુના પરિમાણ જેટલું જ મેળવવું હોય, તો સોયને બહિર્ગોળ લેન્સથી કેટલી દૂર રાખવી જોઈએ? લેન્સનો પાવર પણ શોધો.

**45.** સમતલ અરીસો એટલે શું? સમતલ અરીસા વડે રચાતા પ્રતિબિંબની ખાસિયતો અને તેના ઉપયોગો જણાવો.

**46.** અવરોધોનું શ્રેણી-જોડાણ સમજાવી, શ્રેણી-જોડાણના સમતુલ્ય અવરોધનું સૂત્ર મેળવો.

## વિભાગ D

પ્રશ્નક્રમ **47**થી **54** પૈકી કોઈ પણ **5** પ્રશ્નોના **90**થી **120** શબ્દોની મર્યાદામાં વિગતવાર માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]* **20**

**47.** રસોડામાં તમારી મમ્મી કરકરા (ક્રિસ્પી) પકોડા કે કેક બનાવવા માટે કયું રસાયણ વાપરે છે? તેનું રાસાયણિક નામ લખી, તેની બનાવટ સમીકરણસહ સમજાવો અને તેના ઉપયોગો લખો.

**48.** ટૂંક નોંધ લખો : pH માપક્રમ

**49.** સાબુ અને પ્રક્ષાલક(ડિટર્જન્ટ)માં રહેલા ક્રિયાશીલ આયનિક સમૂહ જણાવી, સાબુની સફાઈ પ્રક્રિયાની ક્રિયાવિધિ સમજાવો.

**50.** મનુષ્યના હૃદયની અંતઃસ્થ રચના દર્શાવતી નામનિર્દેશિત આકૃતિ દોરી, તેમાં રુધિરનું પરિવહન સમજાવો.

**51.** લસિકા એટલે શું? તે કેવી રીતે નિર્માણ પામે છે અને વહન પામે છે? તેનાં કાર્યો જણાવો.

**52.** ધીરેન પોતાના વર્ગખંડની બારી પાસે બેઠો છે. ધીરેન પોતાના પુસ્તકમાં છાપેલા અક્ષર સ્પષ્ટ રીતે વાંચી શકે છે, પરંતુ વર્ગખંડની બારીથી 30 ફૂટ દૂર ઊભેલી કારની નંબર-પ્લેટ સ્પષ્ટ રીતે વાંચી શકતો નથી. તો શું તમે કહી શકશો કે ધીરેન દૃષ્ટિની કઈ ખામીથી પીડાતો હશે? તે ખામી ઉદ્‌ભવવાનાં કારણો જણાવો તથા તે ખામીનું નિવારણ આકૃતિ દોરી જણાવો.

**53.** ઘરેલુ વિદ્યુતપરિપથોમાં ઓવરલોડિંગને નિવારવા માટે કઈ સાવધાની રાખવી જોઈએ?

**54.** નિવસનતંત્રમાં ઊર્જાનો પ્રવાહ અથવા ઊર્જાનું વહન સમજાવો.

**BEST OF LUCK**